આણંદ -મહીસાગરની ભાડા પટ્ટે મકાન અથવા વૈકલ્પિક વ્યવસ્થા લીધા બાદ આંગણવાડીના નવા મકાન બનાવવામાં વર્ષોથી તંત્રના ઠાગાઠૈયા

398 જર્જરિત આંગણવાડીઓ આફત સર્જશે!

જર્જરિત હાલતમાં રહેલા મકાનોમાં આંગણવાડીના બાળકોને માટે ખૂબ જોખમી સ્થિતિ

(પ્રતિનિધિ) આણંદ તા 15

આણંદ મહીસાગર જીલ્લાને નવીન આંગણવાડી બનાવી આપવામાં તેમજ બાળકોને જરૂરીયાત મુજબની સુવિધાઓ આપવામાં શિક્ષણ જગત અને બાળ વિકાસ વિભાગ નિષ્ફળ નિવડયો હોવાના ઉગ્ર આક્રોશ સાથે ચર્ચાઓ ઉઠવા પામી છે. આણંદ અને મહીસાગર જીલ્લાના પ્રજાજનોમાં જોરશોરથી ચાલતી ચર્ચા મુજબ આંગણવાડીઓમાં અભ્યાસ કરતા બાળકોને કુમળી વયે પારાવાર હાલાકી ભોગવવી પડી રહી છે. જર્જરિત અવસ્થામાં ફેરવાઈ ગયેલા મકાનોમાં બેસતા બાળકો માટે જાનહાનિ થવાનું જોખમ સર્જાયું હોવાની સ્થિતિ જોવા મળી રહી છે..ો

પ્રાપ્ત થતી માહિતી અનુસાર આણંદ અને મહિસાગર જિલ્લામાં કેટલાય ગામોમાં આંગણવાડી કેન્દ્રો છેલ્લા દસ પંદર વર્ષથી ભાડાના મકાનમાં ચાલે છે, ભાડાનું મકાનો પણ હાલની સ્થિતિએ ખૂબ જ જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયેલ છે. પાણી, ટોઇલેટની વ્યવસ્થા માટે પણ વિકટ સમસ્યા છે.

દેશમાં ગુજરાતને નંબર વન રાજ્ય અને મોડેલ તરીકે દર્શાવાય છે. ત્યારે આણંદ મહિસાગર જીલ્લાના ગામોમાં શિક્ષણના પાયામાં જ અસુવિધા જોવા મળે છે.બન્ને જીલ્લા ખાતે ગામે ગામ આવેલી આંગણવાડીઓ ખાતે સરેરાશ 25 થી વધુ બાળકો બેસાડવામાં આવે છે. પરંતુ જર્જરિત હાલતમાં રહેલા મકાનોમાં આંગણવાડીના બાળકોને માટે ખૂબ જોખમી સ્થિતિ સર્જાવા પામી છે. જર્જરિત હાલતમાં આંગણવાડીઓ છે જેથી કોઈ આકસ્મિક બનાવમાં જાનહાની થવાની દહેશત વ્યાપી ગઈ છે.

શિક્ષણ ક્ષેત્રે અનેકવિધ સુવિધાઓ આપવામાં આવતી હોવાની જાહેરાતો સંદર્ભે આણંદ મહિસાગર જિલ્લામાં હાસ્યાસ્પદ સ્થિતિ જોવા મળી રહી છે. આવી વિકટ પરિસ્થિતિ હાલના સંજોગોમાં પણ પણ જોવા મળે છે. સરકાર વિકાસના મસમોટા દાવાઓ કરે છે. પણ આંગણવાડીઓમાં ભણતા બાળકોની વેદના કોઇ સમજતું નથી. જેથી આ બાળકો માટે જર્જરિત મકાનને કારણે ઉપર આભ અને નીચે ધરતી જેવો ઘાટ સર્જાય રહ્યો છે. જોખમી સ્થિતિ હોવાથી આંગણવાડીના નાના ફૂલ જેવા બાળકોને ખુલ્લામાં બેસાડવા મજબૂર બનવું પડે છે.

આંગણવાડીઓમાં પાણીની વ્યવસ્થા તેમજ ટોઇલેટની વ્યવસ્થા નથી. મકાન પણ જર્જરિત હાલતમાં છે. આવા અણઘડ વહીવટનો ભોગ નાના-નાના ભૂલકાઓ બની રહ્યા છે. જેથી સરકાર ધ્વારા બન્ને જીલ્લાના ગામોમાં ખાતે કાર્યરત આગણવાડી કેન્દ્રો માટે વહેલી તકે નવિન આંગણવાડીનુ મકાન નિર્માણ કરી આપવામાં આવે તેવી ઉગ્ર માંગ સ્થાનિક રહીશો વ્યક્ત કરી છે.

જર્જરિત આંગણવાડી કેન્દ્રોનું રિનોવેશન અને બાંધકામ માટે સરકાર દ્વારા બજેટમાં જોગવાઈ

સરકારે આ આંગણવાડીના બાળકોની સલામતીની ચિંતા કરીને 106 આંગણવાડીઓ ભાડાના મકાનમાં જ્યારે બાકીની 199 આંગણવાડીઓ શાળાના ઓરડા, પંચાયત ઘર અથવા સમાજ ઘર જેવી સલામત જગ્યાએ ખસેડવામાં આવી છે.તેવી જ રીતે, આણંદ જિલ્લામાં પણ 93 આંગણવાડી કેન્દ્રો જર્જરિત હાલતમાં છે. જે પૈકીના 23 કેન્દ્રો ભાડાના મકાનમાં તેમજ બાકીના 70 કેન્દ્રો શાળાના ઓરડા, પંચાયતઘર અથવા સમાજ ઘર જેવી જગ્યાએ ખસેડાયા છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં તમામ જર્જરિત આંગણવાડી કેન્દ્રોનું રિનોવેશન અને બાંધકામ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં માતબર રકમ ની જોગવાઈ કરાઈ છે.

મહીસાગર જિલ્લામાં 305 અને આણંદ 93 જર્જરિત અવસ્થામાં આંગણવાડીઓ

બે જિલ્લામાં 1 હજાર જેટલી આંગણવાડીઓ પૈકીની 398 આંગણવાડી કેન્દ્રો જર્જરિત હાલતમાં હોવાનો એકરાર રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ વિધાનસભામાં કર્યો હતો. વિધાનસભામાં પ્રશ્નોત્તરી સમય દરમિયાન કોંગ્રેસનાં લુણાવાડાના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણે સવાલ કર્યો હતો કે, મહીસાગર અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોના મકાન જર્જરિત હાલતમાં છે? આંગણવાડીઓની શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે?ગુલાબસિંહ ચૌહાણના સવાલના પ્રત્યુત્તરમાં મહિલા અને બાલ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું હતું કે, મહીસાગર જિલ્લામાં 305 અને આણંદ જિલ્લામાં 93 આંગણવાડીઓ જર્જરિત હાલતમાં છે.

નડિયાદમાં 1.2 કરોડની ચોરીથી ચકચાર

સિરપ કાંડના આરોપીનો પરીવાર લગ્ન પ્રસંગમાં ગયો અને ઘરમાં તસ્કરોએ હાથફેરો કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.15

નડિયાદના બહુચર્ચિત સીરપકાંડના આરોપી યોગી સિંધી હાલ જેલમાં છે, પરંતુ તેના ઘરેથી રોકડ 80 લાખ સહિત 1 કરોડ ઉપરાંતની ચોરી થતા ચકચાર મચી ગઈ છે. પરીવાર સબંધિના લગ્ન પ્રસંગમાં ગયો હોય, આ દરમિયાન તકનો લાભ લઈ અને ચોરીને અંજામ આપવામાં આવ્યો છે.

નડિયાદમાં ચકચારી 8 લોકોને મોત આપનાર સિરપકાંડના મુખ્ય સુત્રધાર યોગી ઉર્ફે યોગેશ સીંધીના ઘરેથી 80 લાખ રૂપિયા રોકડ સહિત 1.02 કરોડ રૂપિયાની મત્તા ચોરી થઈ છે. કપડવંજ રોડ પર એસટી વર્કશોપ સામે પ્રભુકૃપા સોસાયટી આવેલી છે. આ સોસાયટીના મકાન નંબર સી/8માં સુનીતાબેન યોગેશ ઉર્ફે યોગી સીંધી (ઉ.વ.42) રહે છે. તેમના પતિ યોગેશભાઈ જે છેલ્લા દોઢ વર્ષ અગાઉ ચકચારી નશીલા સિરપકાંડના કેસમાં જિલ્લા જેલમાં છે. સુનીતાબેન પોતાના બે સંતાનો સાથે ઉપરોક્ત ઠેકાણે રહે છે અને ઉપરના માળે તેમના જેઠ રહે છે. સુનીતાબેનના માસીના દીકરાની દિકરીના લગ્ન હોવાથી તેઓ ગતરોજ તેમના સંતાનો સાથે આ લગ્ન માણવા માટે ગયા હતા. મોડીરાત્રે સુનીતાબેન અને તેમના સંતાનો ઘરે પહોંચતા ઘરનું મુખ્ય જાળી વાળા દરવાજાનું લોક તૂટેલી હાલતમાં હતું. જે જોઈ સુનીતાબેન અને તેમના સંતાનો અંદર આવી તપાસ કરતા ઘરના બેડરૂમનો સરસામાન વેરણછેરણ હાલતમાં હતો.

તીજોરી, પેટી પલંગમાં મુકેલો સરસામાન રૂમમાં વેરવિખેર હતો અને બેડરૂમની બાજુમાં આવેલ મંદિરનો સરસામાન પણ વેરણછેરણ હાલતમાં હતો. સુનીતાબેને તપાસ કરતા બેડરૂમમાં મોકલ તિજોરીમાંથી તેમજ પેટી પલંગમાંથી સોનાના દાગીના 22 લાખ 14 હજાર 500, ચાંદીના દાગીના કિંમત રૂપિયા 50 હજાર અને રોકડ રૂપિયા 80 લાખ મળી કુલ રૂપિયા 1 કરોડ બે લાખ 64 હજાર 500ના મત્તાની ઘરફોડ ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે તેમણે નડિયાદ ટાઉન મથકે ફરીયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

હોટલના ભાડામાંથી બચત કરી 80 લાખ પડ્યા હોવાનો ઉલ્લેખ

ફરીયાદી સુનીતાબેન યોગેશ ઉર્ફે યોગી સીંધીએ આટલી મોટી રકમ બાબતે ફરિયાદમાં સ્પષ્ટતા કરી છે કે, તેમના પુત્રને ઓસ્ટ્રેલિયા સ્ટુડન્ટ વિઝા ઉપર જવાના હોવાને કારણે ટુકડે ટુકડે બનેવી પાસેથી આ નાણાં લીધા હતા તેમજ તેમના પતિ જે હાલમાં જેલમાં હોવાથી તેઓ પેરોલ પર આવેલા ત્યારે તેમના પતિએ મોટી રકમ કેસમાં ગમે ત્યારે રૂપિયા જરૂર પડે તેવી શક્યતા હોવાથી નાણાં આપ્યા હતા. આ ઉપરાંત યોગેશ ઉર્ફે યોગી સીંધીની પોતાની હોટલ હોવાથી તેનું ભાડુ આવતુ હોવાથી તે નાણાંની બચત કરી આમ કુલ 80 લાખ રોકડ રકમ હોવાનું જણાવ્યું છે.

વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૪માં ઠરાવનું રહસ્ય આજે પણ અકબંધ

પેટલાદમાં કોમ્યુનિટી હોલ માટે જુના- નવા ઠરાવનો વિવાદ

મ્યુ. સભ્ય જલ્પાબેન શાહે ટીપી 1નો ફાઈનલ પ્લોટ નં.26/એ ફાળવવા દરખાસ્ત રજુ કરી હતી. જેને મ્યુ.સભ્ય જીજ્ઞેશ જોષીએ ટેકો આપ્યો હતો

(પ્રતિનિધિ) પેટલાદ, તા. 15

પેટલાદના વોર્ડ નં.2 ખાતે કોમ્યુનિટી હોલ બનાવવામાં વિવાદ છેડાયો છે. આ હોલ બનાવવા વર્તમાન સત્તાધિશોએ આંબાવાડી સ્થળે બનાવવાનો ઠરાવ કર્યો હતો. જ્યાં આંબા ઉખાડી હોલ બનાવવાની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેના કામનો વર્ક ઓર્ડર આપતા પૂર્વે RCM ખાતે કલમ 258 હેઠળ કામ સ્થગિત કરવા અરજી દાખલ કરવામા આવી હતી. જે અન્વયે રિજીયોનલ કમિશ્નરે સ્ટે આપતો હુકમ કર્યો હતો. ત્યારબાદ ફરિયાદીની અરજી સામે પેટલાદ પાલિકાએ જવાબ અને એફીડેવીટ રજુ કર્યા હતા. જે અંગે આજરોજ ફરિયાદીની મુદત હોવાથી તેઓએ પણ પેટલાદ પાલિકાના જવાબ સામે વળતો પ્રહાર કરતા કેટલાક મુદ્દા રજુ કર્યા હતા. જે મુજબ આ વિવાદીત કોમ્યુનિટી હોલ સંદર્ભે અગાઉ ઠરાવ થઈ ગયેલ અને પ્લોટ ફાળવવાની કાર્યવાહી કરેલ હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવવા પામી છે.

આમ છેલ્લા ચાર વર્ષ દરમ્યાન કોમ્યુનિટી હોલ માટે બે વખત જુદા જુદા પ્લોટ માટે ઠરાવ થતાં ચકચાર મચી જવા પામી છે. ઉપરાંત વર્તમાન સત્તાધિશોના કાર્યકાળ દરમ્યાન જ બે ઠરાવ થતાં નગરજનોમાં અનેક તર્ક વિતર્કો સર્જાયા હોવાનું જાણવા મળે છે.

મળતી માહિતી મુજબ પેટલાદ નગરપાલિકાએ તા.22 ઓગષ્ટ 2024ના રોજ ઠરાવ નં.21થી નક્કી કરવામાં આવ્યું હતું કે ટીપી સ્કીમ નં.1ના ફાઈનલ પ્લોટ નં.34/એ ઉપર ડો.બાબાસાહેબ આંબેડકર ભવન બનાવવામાં આવશે. આ પ્લોટ ઉપર હાલ 400 જેટલા આંબા ઉભા કરેલા છે. જેથી તત્કાલિન ચીફ ઓફીસર હિરલ ઠાકરે તા.30 માર્ચ 2025ના રોજ રિજીયોનલ કમિશ્નર સમક્ષ કલમ 258 હેઠળ મનાઈ હુકમ મેળવવા અરજી કરી હતી. જેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે પર્યાવરણને ધ્યાને લઈ વૃક્ષોનું નિકંદન ના નીકળવું જોઈએ. તેમાંય આંબેડકર ભવન માટે માત્ર 1200 ચો.મી. જગ્યા જોઈએ છે, જેના બદલે 34/એ વાળી જગ્યા 11583 ચો.મી. છે. જેથી આટલી મોટી જમીનનો ઉપયોગ આવક આપતા આંબાનો ભોગ લઈને કરી શકાય નહીં. જેથી રિજીયોનલ કમિશ્નરે હિરલ ઠાકરની અરજી અને રજુઆતને ધ્યાને લઈ મનાઈ હુકમ આપ્યો હતો.

આ વિવાદની સુનાવણી તા. 8 એપ્રિલના રોજ રાખવામાં આવી હતી. તે પૂર્વે તા.7 એપ્રિલના રોજ પેટલાદ પાલિકાના ચીફ ઓફીસર કૃણાલ પટેલે અરજી સામે જવાબ અને એફિડેવીટ રજુ કર્યા હતા. આ એફિડેવીટ દ્વારા ચીફ ઓફીસર કૃણાલ પટેલે બાંહેધરી અને ભરોસો આપ્યો હતો કે પ્રકૃતિ અને વૃક્ષોને નુકશાન થાય એવું કામ કરવામાં નહીં આવે. ઉપરાંત જો વૃક્ષો કાપવાનું થશે તો તેને અન્ય સ્થળે ટ્રાન્સફર કરીશું. આ જવાબ અન્વયે આજરોજ ફરીયાદી હિરલ ઠાકરે લેખિતમાં રજુઆત કરી મનાઈ હુકમ કાયમી રાખવાની માંગ કરી છે.

પેટલાદ પાલિકાની ટીપી 1ના ફાઈનલ પ્લોટ 26/એ વાળી જગ્યા આંબેડકર ભવન માટે ફાળવવા ઠરાવ થયો હતો. આ જગ્યા બાળ ક્રિડાગણ માટે નીમ થયેલ હોવાથી હેતુફેર કરવો જરૂરી હતો. જેથી તા.૨૯ ઓક્ટોબર 2021ના ઠરાવ નં.58 અન્વયે હેતુફેર કરવા પેટલાદ પાલિકાએ તા.૩૧ માર્ચ 2022ના રોજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરને અરજી કરી હતી. જેમાં પાલિકાએ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો કે ટીપી 1ના ફાઈનલ પ્લોટ નં.26/એ ટોટ-લોટ છે, જેનો હેતુફેર કરી સામાન્ય માળખા તરીકે ભલામણ કરવા જણાવ્યું હતું. આમ ત્રણ થી ચાર વર્ષના ટુંકા ગાળામાં એક જ કામ માટે બે વખત ઠરાવ કરી જુદા જુદા પ્લોટની ફાળવણી વર્તમાન સત્તાધિશોએ કરી હતી. આ તમામ મુદ્દા આધારિત મનાઈ હુકમ કાયમી રાખવા ફરીયાદી હિરલ ઠાકરે જવાબી અરજીમાં જણાવ્યું હતું.

3 વર્ષ અગાઉ હેતુફેર માટે દરખાસ્ત કરી હતી

આંબેડકર ભવન બનાવવા તા.૨૯ ઓક્ટોબર 2021ના રોજ ઠરાવ નં.58થી ટીપી 1ના ફાઈનલ પ્લોટ નં. 26/એની ફાળવણી થઈ હતી. આ પ્લોટ બાળ ક્રિડાંગણ માટે નીમ થયેલ હોવાથી હેતુફેર કરવો જરૂરી હતો. જેથી પાલિકાએ તા. 31 માર્ચ 2022ના રોજ શહેરી વિકાસના અગ્ર સચિવને લેખિત અરજી કરી હતી. પરંતુ ત્યારબાદ શહેરી વિકાસ તરફથી ત્રણ વર્ષ સુધી કોઈ પ્રત્યુત્તર કેમ ન્હોતો અથવા પેટલાદ પાલિકા દ્વારા પણ ત્રણ વર્ષ સુધી શા માટે કોઈ પુનઃ રજુઆત કરવામાં આવી નહીં ? આવા અનેક પ્રશ્નો ચર્ચાનો વિષય બન્યા છે.

કસુંબાડના ખેતરમાંથી ફાસો ખાધેલી હાલતમાં અજાણ્યા યુવકની લાશ મળી

મૃતકના પેટના ભાગે, ગુપ્ત ભાગે તેમજ બંને સાથળ ઉપર બળી ગયેલાના પણ નિશાન મળ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.15

બોરસદ તાલુકાના કસુંબાડ ગામની સીમમાં આવેલા એક ખેતરમાં શેઢા ઉપર આવેલ ઝાડ સાથે ફાસો ખાધેલી લટકતી એક અજાણ્યા યુવકની લાશ મળી આવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાને લઈને મોટી સંખ્યામાં લોકો ભેગાં થઈ ગયાં હતાં.બીજી બાજુ જાણ થતાં જ બોરસદ રૂરલ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને અજાણ્યા યુવકના મૃતદેહને નીચે ઉતારાવી પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકના પેટના ભાગે, ગુપ્ત ભાગે તેમજ બંને સાથળ ઉપર બળી ગયેલાના નિશાન મળી આવતાં પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ આણંદ તાલુકાના નાપાડ વાંટા ગામે રહેતાં આરીફભાઈ મજીદખાન રાઠોડે સોમવારે રાત્રીના સમયે જાણ કરી હતી કે, તેઓના બોરસદ તાલુકાના કસુંબાડ ગામની સીમમાં આવેલા સર્વે નંબર 267 વાળા ખેતરના દક્ષિણ દિશામાં શેઢાના ઝાડ ઉપર એક અજાણ્યા યુવકની લાશ ફાંસો ખાધેલી હાલતમાં લટકી રહી છે. આ માહિતીને આધારે બોરસદ રૂરલ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ઘટનાને લઈને લોકોના ટોળેટોળા પણ સ્થળ ઉપર ભેગાં થઈ ગયાં હતાં. બોરસદ રૂરલ પોલીસની ટીમે મરણ જનાર 45 થી 50 વર્ષીય અજાણ્યા યુવકની પોપટી કલરના દુપટ્ટા જેવા કપડા ઉપર ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશને નીચે ઉતારી તપાસ કરતાં આગને કારણે મૃતક યુવકના પેટના ભાગે, ગુપ્ત ભાગે તેમજ બંને સાથળ ઉપર બળી ગયેલાના પણ નિશાન મળી આવ્યાં હતાં. મૃતક અજાણ્યા યુવકે શરીરે ગંજી અને બે પેન્ટ પહેરેલા હતાં.

હાલમાં બોરસદ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી જરૂરી કાર્યવાહી કરી મૃતક યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. મરનાર અજાણ્યો યુવક કોણ છે ? ક્યાનો છે ? અને કઈ રીતે તેનું મોત થયું છે ? તે દિશામાં તપાસ હાથ ધરી છે.

બીજી બાજુ બોરસદ રૂરલ પોલીસે આજુબાજુના ગામો બોદાલ, પામોલ, સીંગલાવ, દહેમી, કસુંબાડ સહિતના ગામોમાં પણ તપાસ શરૂ કરી દીધી છે. પ્રાથમિક તપાસમાં મૃતક યુવકને કોઈ અન્ય સ્થળે પહેલાં આગથી સળગાવવાનો પ્રયત્ન કર્યો હોવાની અને ત્યારબાદ દુપટ્ટાથી ગળે ફાંસો આપી મૃતદેહને કસુંબાડ ગામની સીમના ખેતરમાં લાવી ઝાડ સાથે લટકાવી દીધી હોવાની ચર્ચાઓનું જોર પકડ્યું છે.

બોરસદમાં જુગાર રમતાં 3 પકડાયાં

(પ્રતિનિધિ) બોરસદ તા.15

બોરસદ શહેરના ભોભાફળી ખાતે પોલીસે દરોડો પાડી જાહેરમાં જુગાર રમતાં 3 શખ્સને પકડી પાડ્યાં હતાં. આ અંગે ત્રણેય સામે ગુનો નોંધ્યો હતો.

બોરસદ શહેર પોલીસને બાતમી મળી હતી કે, બોરસદના ભોભાફળી ખાતે એસબી લાઈનીંગની સામે નવી શાક માર્કેટ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સ જુગાર રમી રહ્યા છે. આ બાતમી આધારે શહેર પોલીસે ટીમ બનાવી 14મીની રાત્રે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં નાસભાગ મચી જતાં કોર્ડન કરી ત્રણ શખ્સને પકડી પાડ્યાં હતાં. જેની પુછપરછ કરતાં ઇકબાલ ઈમામુદ્દીન નિજામુદ્દી મલેક, ઈમરાન ઉર્ફે પરમ સામુર રજ્જાક પઠાણ અને ઉસ્માન ઉર્ફે બોબી સદરોદ્દીન મલેક હોવાનું જણાવ્યું હતું. આથી, પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી સ્થળ પરથી રોકડ સહિત કુલ રૂ.1770નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વિરપુરમાં મુસાફરોની સુવિધા માટે અદ્યતન બસ ડેપોનું નિર્માણ

આરામદાયક વેઈટિંગ એરિયા, ટિકિટ બૂથ, પાણીની સગવડ, સ્વચ્છ શૌચાલયની વ્યવસ્થા

(પ્રતિનિધિ) વિરપુર, તા. 15

મહિસાગર જીલ્લાના વિરપુરના નવનિર્મિત બસ સ્ટેન્ડનું લોકાર્પણ કરવામાં આવનાર છે. શહેરના વિકાસમાં મહત્વનો માઈલસ્ટોન સાબિત થનાર આ બસ સ્ટેન્ડના લોકાર્પણ સમારોહમાં અનેક પ્રતિષ્ઠિત અગ્રણીઓની હાજરી રહેશે.

આ પ્રસંગે મહિસાગરના સાંસદ, રાજપાલસિંહ જાદવ, તેમજ 121, વિધાનસભાના ધારાસભ્ય, માનસિંહ ચૌહાણ, મહીસાગર જીલ્લા પંચાયતના પ્રમુખ, બાબુભાઇ પટેલ નવા બસ સ્ટેન્ડ માટે યોગદાન આપનાર ભુમિદાતા ખેડા જિલ્લા પંચાયત પ્રમુખ મુકેશભાઈ શુક્લ, તેમજ મહીસાગર જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પિનાકીન શુક્લ તેમજ અંબાલાલ શાહ સહિતના મહાનુભાવો અને

સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહેશે.

નવું બસ સ્ટેન્ડ આધુનિક સુવિધાઓથી સજ્જ છે જેમાં મુસાફરો માટે આરામદાયક વેઈટિંગ એરિયા, ટિકિટ બૂથ, પાણીની સગવડ, સ્વચ્છ શૌચાલય તથા સુરક્ષા માટે જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. અનેક વર્ષોથી વસવાટ કરતી વસાહતને બસ સેવાઓ માટે પૂરતી સુવિધાઓથી વંચિત હોવાથી નવી સુવિધા લોકો માટે આશિર્વાદરૂપ સાબિત થશે. લોકાર્પણ કાર્યક્રમ માટે બસ સ્ટેન્ડના આખરી ઓપ ના કામો ઝડપથી ચાલી રહ્યા છે. રંગરોગાન, સફાઈ તથા આયોજનની તૈયારીને પૂર્ણ કરવામાં આવી છે. જેથી કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો આ ઉજવણીમાં હાજરી આપી વિકાસના સાક્ષી બને.વિરપુર નગરના નાગરિકો માટે આ બસ સ્ટેન્ડ માત્ર મુસાફરી માટેનું કેન્દ્ર બનશે.

આ વિકાસના પગલાંથી સમગ્ર તાલુકાની ટ્રાફિક વ્યવસ્થા સુધરશે તથા સ્થાનિક વેપારધંધાને પણ નવો વેગ મળશે. ત્યારે લોકાર્પણને લઈને તડામાર તૈયારીઓ સાથે મંડપ ડેકોરેશન અને સ્ટેજની તૈયારીઓ પૂર્ણ થયેલ છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225